# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૯ • તા.૨૯ ઓક્ટોબર થી ૦૪ નવેમ્બર ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

# સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રન તરીકે જોડાનાર

# દાતાશ્રીઓની ઉદારતાને વંદન





insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# માણસમાં માણસાઈ જરૂરી છે

જ્યારે આપણે એમ કહીએ કે મનુષ્ય જેવું સર્વશ્રેષ્ઠ પ્રાણી કોઈ નથી. ત્યારે તેની સાથે થોડી અપેક્ષાઓ અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. માણસ નામે સામાજિક પ્રાણી સૌ સાથે સત્ય પૂર્વકનું આચરણ કરે, પોતાના આત્માના સત્યને હૃદયપૂર્વક જાણીને, તે પ્રમાણે આચરણ અને અનુસરણ કરે, સ્વધર્મમાં આત્મસ્થ થઈને જીવતો રહે અને બાહ્યાચારોથી મુક્ત રહે એવી અપેક્ષા રહે છે.

આજે સંસારમાં માણસાઈ ઘટતી જાય છે. સાત્વિકતા ઘટતી જાય છે અને તામસિકતા વધતી જાય છે. સત્યધર્મનું આચરણ ઘટતું જાય છે. અસત્ય ધર્મનું આચરણ અને અનીતિ વધતાં જાય છે. સત્યના ધર્મને અંતરપૂર્વક જાણીને ચાલવાનું, જીવવાનું ઘટતું જાય છે. ધર્મને માનીને ચાલવાથી અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ અને ભય વધતાં જાય છે. ધર્મને આંતરિક રીતે શુધ્ધ મનથી જાણીને કરાતું આચરણ ઘટતું જાય છે. અઘટિત પદાર્થ પરની પકડમાં વધારો અને સ્વાર્થ, લાભ અને લોભ તથા લાલસા જેવા દુર્ગુણો વધતા જાય છે. આમ તામસિક્તા ઉચ્છરંગતા વધી રહ્યાં છે અને માણસાઈ કરમાઈ જવાથી માનવીયતા ફૂલ ખીલતાં જ નથી આપણામાં રહેલી માણસાઈને આ જીવનમાં ઉજાગર કરવા માટે પહેલાં પહેલાં એ જરૂરત છે કે આત્માના અવાજને ઓળખીને તે પ્રમાણે સ્વધર્મમાં સ્થિર થઈએ. આચરણ અને વ્યવહાર યોગ્ય રીતે કરવા આત્મા એજ સત્ય સ્વરૂપ છે. એટલે આપોઆપ સત્યનું આચરણ અને અનુસરણ પોતાની રીતે થશે.

આત્માનો અવાજ હંમેશા સત્ય હોય છે. આ આત્માના અવાજ સાંભળવા માટે અહંકારથી મુક્તિ પ્રાપ્ત કરવી જ પડે છે. તો જ આત્માનો સત્ય સ્વરૂપ અવાજ સાંભળી શકાય છે. એટલે હુંપણાથી તાત્કાલિક મુક્ત થવાની જરૂર છે. અહંકાર જ બધા દુર્ગુણોનો રાજા છે, જનક છે. એટલે જે શરીરમાં, અંતર મનમાં અહંકારનો અંકુર ફૂટ્યો છે. ત્યાં પાપાચાર અને બદીઓ રહેવાની, ઓછી હશે ત્યાં વધવાની, વિકસવાની. દુર્ગુણ રહિત જીવન અને શુદ્ધતા ભર્યું જીવન એક મહાસિદ્ધિ છે.

જ્યારે માણસ હૃદયસ્થ અને આત્મસ્થ થઈને સ્વધર્મમાં સ્થિર હોય ત્યારે તેની કરણી અને કથનીમાં પૂરેપૂરી એકતા હોય છે. એનામાં જડતા નહીં હોય. વિશાળતા અને સ્થિરતા હશે એનામાં ન રાગ, ન દ્વેષ હશે. એ પૂરેપુરું ક્ષમાશીલ, કરુણામય, વિવેકી હશે. જેને લીધે સતગુણી, સદ્‌ગુણી, સદ્‌વર્તી, સમત્વ અને સદાચારી આચરણ વાળો હશે. જીવનમાં કામના, વાસના, ઈચ્છા અને તૃષ્ણા વગેરેનો સંયમ જરૂરી છે. જેમ બળદ પાસેથી સારું કામ લેવા નાથ મોરો નાકમાં નાખવાથી તે ધાર્યું કામ આપી શકે છે, જેમ ઘોડા ઉપર સવાર થવા માટે ચોકડું જરૂરી છે, જેમ ઊંટ પર અસવાર થવા કાઠલું જરૂરી છે, તેમ આપણા જીવનમાં પરમશાંતિ અને સુખ જોઈતાં હોય તો આંતરિક શુદ્ધતા, મન બુદ્ધિ, વાસના રહિત સ્થિરતા, પવિત્રતા અને સંયમ જરૂરી છે. તે સિવાય સુખ, શાંતિ, સંયમતા પ્રાપ્ત થતી નથી.

ધર્મ આચરણનો અર્થ છે સત્ય સ્વરૂપ વ્યવહાર અને આચરણ. આ વર્તાવથી આપણી કામનાઓની પૂર્તિ થશે. સાથો સાથ શાંતિ અને આનંદ મળશે. જે મોક્ષ મેળવવાનો રાજમાર્ગ છે. એટલે જ માણસ માત્ર પોતાના અંતરની ભાવનામાં ફેરફાર કરીને જીવવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# માન સન્માન કરતાં સ્વમાનનું મહત્વ અધિક છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

કોઈ આપણાથી આગળ નીકળી જાય એનાથી જે મુશ્કેલી થાય છે એનાથી વધુ મુશ્કેલી આપણે પાછળ રહી ગયા એની હોય છે. કોઈ માન મેળવી જાય એની તકલીફ નથી પરંતુ તકલીફ એ છે કે આપણને માન મળ્યું નહીં. આપણને મંચ ઉપર સ્થાન મળે ત્યારે આપણા મનમાં એવો ખ્યાલ નથી આવતો કે આપણાથી વધુ લાયક માણસો નીચા બેઠા છે. માનવીનો અહંકાર અંદર સચેત હોય છે પણ બહાર દેખાવમાં એને પ્રદર્શિત કરતા નથી. લોકોને ઊંચા આસને બેસવું છે, માન-અકરામ જોઈએ છે. હારતોરા ગળામાં કોઈ પહેરાવે તે ગમે છે પણ એવો દેખાવાનો પ્રયાસ કરાય છે તેને માનની કશી પડી નથી. તેમને હાથ ખેંચીને મંચ પર લઈ જાઓ નહીં ત્યાં સુધી તેઓ ઉપર જતા નથી. આવા લોકોને ભૂલથી કોઈ મંચ પર સ્થાન આપે નહીં તો તેમને ઘોર અપમાન થઈ ગયાનું લાગી જાય.

દંભ અને આડંબર અસલી ચહેરાને મુખવટા બનીને ઢાંકી દે છે. એટલે લોકો ખરેખર જેવા છે તેવા દેખાતા નથી. ચહેરા પર લોકો જાત જાતના મહોરા લગાવીને ફરતા હોય છે. કોઈ અંતરના અરીસામાં નિરખતું નથી. દર્પણ આપણે કેવા છીએ એનો પૂરો ખ્યાલ આપી દે છે. એટલે અરીસા સામે કોઈ જોતું નથી અને જેઓ જુએ છે તે મેકઅપ પ્રસાધનની ટાપટીપ સજાવટ કરીને જુએ છે. જેને લીધે મેકઅપના થપેડામાં અસલી ચહેરો ઢંકાઈ જાય છે. કોઈ ધનનો, કોઈ પદનો, તો કોઈકએ પ્રતિષ્ઠાનો મેકઅપ લગાવેલો છે. મેકઅપનો રંગ, તેની ટાપટીપને સજાવટ કંઈ કાયમ રહેવાની નથી. એક દિવસ તો આ કૃત્રિમ સજાવટ નીકળી જશે એટલે ચહેરો આપોઆપ ખુલ્લો પડી જશે.

જિંદગીને આપણે કઈ રીતે જોઈએ છીએ તેના પર જીવનનો મુખ્ય આધાર છે. આપણું સર્જનાત્મક વલણ હોય, શુભભાવના હોય, પ્રેમ અને આનંદથી સભર હોઈએ તો બધું સારું સર્વત્ર શુભ દેખાશે નહીં તો પછી કશું તારું દેખાશે જ નહીં જેને લીધે જિંદગી બોજ બની જશે. બેળે બેળે ખેંચતા ઢસરડો લાગશે.

રાત પછી દિવસ છે એ સનાતન સત્ય છે. આશાવાદીને બે દિવસ વચ્ચે રાત દેખાય છે. જ્યારે નિરાશાવાદી હતાશ માનસિકતાવાળાને બે રાતની વચ્ચે દિવસ દેખાય છે. આ તો જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ, અંધારા તરફ નજર કરવાને બદલે ઉજાસ તરફ જોઈ એ તો જિંદગીનો આનંદ માણી શકાશે. જિંદગીનો અર્થ આપણી સમજ પર છે આપણે તેને કઈ રીતે જોઈએ છીએ, આપણું વલણ કેવું છે અને આપણી સમજ કેવી છે તેના પર બધો આધાર છે. આપણી ઊણપને છુપાવવા માટે અન્યના દોષ ગોતીએ તો આપણે સારા હોવાનો ભલે અહેસાસ થાય પણ નિષ્પક્ષ વ્યક્તિઓ આપણી ચાલ ચલગતને જરૂર ઓળખી લેવાના અને આપણા બહાના, કૃત્રિમ રંગઢંગને જરૂર પારખી જવાના.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રન તરીકે જોડાનાર દાતાશ્રીઓની ઉદારતાને વંદન

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**

## જયાબેન નિરેનભાઈ નાગડા

કચ્છ, તેરા - USA, Washington

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

દીપોત્સવી એટલે પ્રકાશનો અંધકાર પર વિજય. તન, મનમાં વ્યાપેલા તમસને દૂર કરવાના આ પર્વ દિવસોમાં નાના, નબળા અને આકસ્મિત આપદામાં ગ્રસ્ત થયેલા જ્ઞાતિ બાંધવોના પરિવારમાં દયા, માનવતા અને પરોપકારની લાગણી દર્શાવવી એ ઉત્તમોત્તમ ભાવ જેમના હૈયે પ્રગટ્યો એવા ઉદારદિલ જ્ઞાતિ મહાનુભાવ વડીલ જયાબેન નિરેનભાઈ નાગડા તેરા હાલે યુએસએ વોશિંગ્ટન એ પરોપરકારનો અર્થ બીજાઓની પ્રત્યે ભલાઈ કરવી એ છે. એવો ઉત્તમ મનુષ્ય ધર્મનો બોધ જાણ્યો અને અપનાવ્યો.

નાત, જાત, ધર્મ, આપણા કે પરાયાના ભેદ વિના ભલુ કરવું. બીજાઓનો મદદ કરવી એ એકમાત્ર લક્ષ્ય ધરાવી માનવ ધર્મ નિભાવનાર શ્રેષ્ઠીજન શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત જ્ઞાતિજનોની ઉમદા સેવા અને સહાય કરતી સંજીવની યોજનામાં રૂા.૫૧ હજારનું અનુદાન નોંધાવી સુવર્ણ પેટ્રોન તરીકે જોડાયા છે. તેમના સુયોગ્ય કાર્યની વંદના, અનુમોદના.

# સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રન તરીકે જોડાનાર દાતાશ્રીઓની ઉદારતાને વંદન


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતિ ની એક સંસ્થા..**

## શ્રી કચ્છી દશા ઓસવાલ
## મસ્જિદ બંદર જૈન સંઘ

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,000**

# સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને પશ્ચિમ રેલવે ડિવિઝન રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી ભુજના મેમ્બર પ્રબોધ મુનવર દ્વારા કચ્છને લગતા રેલવે પ્રશ્નોની પ્રબળ રજૂઆત

પશ્ચિમ રેલ્વે ડિવિઝન રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી ભુજનાં સભ્ય પ્રબોધ મુનવરે વેસ્ટર્ન રેલ્વે ડિવિઝનલ મેનેજરશ્રીને પત્ર પાઠવી કચ્છનાં વિવિધ રેલ્વે પ્રશ્નો અંગે રજૂઆતો કરી છે. જેની નકલ કચ્છનાં સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડા તથા એરિયા મેનેજરશ્રી ગાંધીધામને પાઠવાઇ છે. રેલ્વે તંત્ર દ્વારા આ પ્રશ્નો ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવ્યા છે.

૧. કચ્છનાં પાટનગર ભુજને છેલ્લા કેટલાક વર્ષોથી નવી કોઇ ટ્રેન મળેલ નથી. ભુજ કચ્છનું પાટનગર હોઇ રેલ્વે સેવા વધારવી જોઇએ.

૨. ભુજ-નલીયા મોથારા-કોઠારા બ્રોડગેજ રેલ્વે લાઇનનું કાર્ય તુરત પૂરું કરવું જોઇએ. હાલમાં આ લાઇન દેશલપર સુધી પહોંચ્યા પછી કામ બંધ પડ્યું છે. આ કાર્ય માર્ચ-૨૦૧૯ માં પૂરૂં થવાનું હતું.

૩. માંડવી-નખત્રાણા-લખપત-અબડાસા-માતાનામઢ-ના.સરોવર, કોટેશ્વર તમે જખાવડા-રણોત્સવ સુધીનાં માર્ગને ભુજથી બ્રોડગ્રેજ રેલ્વેથી જોડવું જોઇએ.

૪. ભુજ રેલ્વે સ્ટેશને પીટલાઇન વધારવાની ખાસ જરૂરત છે. જેથી નવી ટ્રેનો ભુજને મળી શકે.

૫. ભુજ રેલ્વે સ્ટેશને લાંબા સમયથી લેબરો (મજુરો)ની સંખ્યા ઓછી છે. ટ્રેન આવે છે ત્યારે મુસાફરોને મુશ્કેલી વેઠવી પડે છે.

૬. ભુજ થી હરિદ્વાર, ભુજથી હૈદ્રાબાદ તથા ભુજથી ચેન્નઇ (મદ્રાસ)ની ટ્રેનો શરૂ કરવાની કચ્છીઓની માંગણી છે. જે સંતોષવી જોઇએ. ભુજ થી હરિદ્વાર અઠવાડિયામાં બે વખત ટ્રેન સેવા શરૂ કરવી જોઇએ.

૭. ગાંધીધામ-જોધપુર, ગાંધીધામ-હાવડા ટ્રેનોને ભુજ સુધી લંબાવવી જોઇએ.ગાંધીધામ સુધી આવતી ટ્રેનોને ભુજ સુધી લંબાવવાની જરૂર છે.

૮. ભુજ-સૂરત રાત્રી ઇન્ટરસીટી ટ્રેન શરૂ કરવી જોઇએ.

૯. બ્રાન્દ્રા - ભુજ એ.સી. એકસપ્રેસ ટ્રેનને ડેઇલી કરવા અનેક વખત રજુઆતો થઇ છે.

૧૦. ભુજથી અમદાવાદ, ભુજથી રાજકોટ, ભુજથી ભાવનગર, ભુજથી જામનગર, ભુજથી દ્વારકા, ભુજથી સોમનાથ લોકલ ટ્રેનો દોડવવી જોઇએ. આ પણ લાંબા સમયની કચ્છ વાસીઓની રજુઆત છે.

૧૧. ભુજ-મુંબઇ વચ્ચે નવી એક ટ્રેન શરૂ કરવાની જરૂર છે. મુંબઇની ટ્રેનોમાં રીઝવેશન કાયમી ફુલ રહે છે.

૧૨. ભુજમાં આવેલા જુના રેલ્વે સ્ટેશનનો વિકાસ કરવો જોઇએ. અહીં રેલ્વે વર્કશોપ અથવા ટ્રેનો ઉભી રાખવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૧૩. ભુજ રેલ્વે સ્ટેશને માલ ગાડીઓ માટે માલ ખાલી કરવા પતરાનાં શેડ ઉભા કરવા જરૂરી છે.

૧૪. વેકેશન તથા વાર-તહેવારની સ્પેશીયલ ટ્રેનો ભુજ સુધી દોડાવવી જોઇએ.

૧૫. માંડવી બીચ, સફેદરણ, સ્મૃતિવન મેમોરિયલ, રિજિયોનલ સાયન્સ સેન્ટર, વંદે માતરમ્, રક્ષકવન, માતાનાંમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર,હાજીપીર વિગેરે જોવા લાયક સ્થળો અને યાત્રાધામો પશ્ચિમ કચ્છમાં આવેલા છે. અહીં રેલ્વે સેવા વિસ્તારવાની ખાસ જરૂરત છે. જેથી દૂર-દૂરથી અને વિદેશથી આવતા પ્રવાસીઓને રેલ્વે સેવાનો લાભ મળી શકે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઇઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# થાણા સંઘમાં મહાલક્ષ્મી શ્રીયંત્ર મહાપૂજનનો વીડિયો લિન્ક દ્વારા લાભ

શ્રી થાણા કવીઓ દેરાવાસી જૈન સંઘ આયોજિત ધનતેરસ તા.૨૨ ઓક્ટોબર શનિવારના દિને ગુરૂ અચલગચ્છેશ ગુણ, ગુણોદય કલાપ્રભસાગરસૂરિ પરિવાર શણગાર વાત્સલ્યવારિધિ મહાતપસ્વી દક્ષિણ રત્ન પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં મહાલક્ષ્મી શ્રીયંત્ર મહાપૂજન અનેરા ભક્તિભાવ સાથે થયું. આ વિશિષ્ટ ધર્મ આરાધનાનો ૫.૩૦ મિનિટનો વિડીયો લિંક https://youtu.be/w5eFbVDgk0w ઉપર ક્લિક કરવાથી ઘર બેઠા જોઈ માણી શકશો.

# એશિયન અકેડેમી ઓફ આર્ટસ દ્વારા છઠ્ઠો ઈન્ટરનેશનલ એવોર્ડ જ્ઞાતિની બે ઉત્કૃષ્ટ વર્કીંગ વુમનને મળ્યો




એશિયન અકેડેમી ઓફ આર્ટસ દ્વારા છઠ્ઠો ડૉ.સરોજિની નાયડુ, ધી નાઈટિંગલ ઓફ ઈન્ડિયા, ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર વર્કીંગ વુમન ૨૦૨૨નો એવોર્ડ જ્ઞાતિની બે મહિલા પ્રતિભાઓને પોતપોતાના કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય પ્રદાન બદલ અપાયો. જાણીતા લોયર અને ઈન્નરવ્હીલ ક્લબ ઘાટકોપરના ડિસ્ટ્રીક્ટ ચેરમેન મૃદુલા દંડ અને મેન્ટોર માય બોર્ડના ફાઉન્ડર અને કું સેક્રેટરી દિવ્યા મોમાયા આ એવોર્ડ સન્માન પામ્યા છે. તેઓ બંન્નેની આ સિધ્ધિને બિરદાવી અઢળક અભિનંદન અને ભવિષ્યમાં તેમની કારકિર્દી ઉજવળમય રહે તેની શુભેચ્છા પ્રદાન કરીએ છીએ.

# તીરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરના દ્વાર ઉદ્દ્ઘાટન કાર્યક્રમ ધર્મભાવપૂર્વક થયો



દક્ષિણ ભારત વિભાગના તામિલનાડુ રાજ્યના તીરૂપુર નગરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરના દ્વાર ઉદ્દ્ઘાટન કાર્યક્રમ તા.૨૫ ઓક્ટોબર મંગળવારના પ્રાતઃ ૬ કલાકે થયો. શ્રીમતી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવારે લાભ લીધેલ.

ત્યારબાદ ભક્તામ્બર અને મોટી સાંત બોલાવામાં આવેલ. ટ્રસ્ટી દીપક છેડા, પ્રતાપ નાગડા, રાજીવ મોમાયા હાજર રહ્યા હતા. તે ઉપરાંત સંઘના ભાવિકભાઈ બહેનો સારી એવી સંખ્યામાં હાજર રહેલ. લાભાર્થી પરિવારે પ્રભાવના કરેલ.

# આદિપુર સંઘમાં લક્ષ્મીજી પૂજન દ્વારા ધર્મ આરાધનાઓ કરાઈ





કચ્છના પૂર્વ વિભાગ ક્ષેત્રના આદિપુર નગરના અચલગચ્છ જૈન સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં લક્ષ્મીજી માતાનું પૂજન કરી ધર્મ આરાધનાઓ થઈ. જેનો લાભ સંઘના ઉપસ્થિત ભાવિક શ્રાવક શ્રાવિકાઓ અનેરા ભાવથી કૃતાર્થ થયા હતા.

# ખંડવા સંઘમાં નાના શ્રાવકની અનન્ય ઉદારતા અને ઉમદા ભાવ જોવા મળ્યા



તા.૨૪ ઓક્ટોબર સોમવાર દિને મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં ચાતુર્માસમાં બિરાજીત પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના પાવનકારી નિશ્રામાં દાતાઓનું બહુમાન કાર્યક્રમ આયોજીત કરાયું હતું. આ કાર્યક્રમમાં અન્ય દાતાઓ સાથે હેમંત કિશોરકાંત નારાણજી લોડાયા નલિયા, ખંડવાનું બહુમાન કરાયું.

તેમના પિતાશ્રી કિશોરકાંતભાઈ લોડાયા ખંડવા દેરાસરમાં ૧૫ વર્ષ પૂજારી તરીકે ભાવભક્તિ સાથે સેવા આપેલ. જેના બદલ તેઓને રૂ.૨.૭૫ લાખની આવક થઈ હતી. આ કમાણી વળતરની રકમમાં પોતાના તરફથી ફૂલ પાંખડી ઉમેરી કુલ્લ રૂા.૩,૦૨,૦૨૨/-ની રકમ પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી ખંડવા દેરાસર ટ્રસ્ટને પ્રેમપૂર્વક પરત આપી.

તેમને આજથી ૨૦ વર્ષ પૂર્વે આપણા અચલગચ્છના પ.પૂ. સમ્યકરસાશ્રીજી મ.સા. જેઓ હાલે ચાતુર્માસ માટે ઈન્દૌરમાં બિરાજીત છે તેમણે પ્રેરણાકારી હતી અને બોધ વચન કહ્યાં હતા કે જ્યારે તમારી પરિસ્થિતિ ઠીક થઈ જાય ત્યારે પરમાત્માનું ઋણ પ્રથમ ઉતારવું. આ ઉપદેશ બોધ ધર્મજ્ઞાનને લક્ષમાં લઈ તેઓશ્રીએ આ ઋણ ફેડ્યું.

નાના અને અદના માનવીની ઉદારતાના દર્શન આને કારણે ખંડવા સંઘને પ્રત્યક્ષ થયા. હેમંતભાઈ લોડાયા આજે પણ મધ્યમ સ્થિતિ ધરાવતા શ્રાવક છે અને નાની ફરસાણની દુકાન ચલાવી ગુજરાન કરે છેઅને દેવ ગુરૂકૃપાથી કાર્ય મગ્ન રહી ધર્મમય જીવન વ્યતિત કરે છે. કભી કિસી દિન મહારાજ સાહેબને પ્રેરણા દી વો કુછ લોગ પલભર યાદ રખતે હૈ, લેકિન કુછ ઈન્સાન ગુરૂ જ્ઞાન કાયમ યાદ રખકર ઉમદા વ અદ્‌ભૂત કાર્ય કર જાતે હૈ. ખંડવા સંઘ દ્વારા ભૂરી ભૂરી અનુમોદના.

# આરીખાણામાં દાતા દ્વારા ગેટનું લોકાર્પણ તથા સ્મૃતિવનનું ખાતમુહૂર્ત કરાયું

માતુશ્રી ખેતબાઇ હંસરાજભાઇ લોડાયા પરિવાર તરફથી બનાવવામાં આવેલા રાયબસાગર તળાવના ગેટનું લોકાર્પણ તથા પદમશીબાપા સ્મૃતિવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્ય દાતા આરીખાણા ગામના જ વતની અને હાલ મુલુંડ સ્થિત પ્રવીણભાઇ હંસરાજભાઇ લોડાયાએ ગામને એક ગેટ અને સ્મૃતિવનની ભેટ આપી હતી. દેશ અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે ત્યારે આરીખાણામાં પણ અલગ અલગ ૭૫ વૃક્ષ વાવી અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

ગામના અગ્રણી જાડેજા જુવાનસિંહ કેણજીભા તથા ગામનું ગૌરવ અને વાડિયા તા. પંચાયત સદસ્ય અને અબડાસા વિરોધ પક્ષના નેતા મહાવીરસિંહ જાડેજા, સરપંચ મહેન્દ્રસિંહ જાડેજા, વારાપધ્ધરના અગ્રણી મયૂરસિંહ જાડેજા, સાંયરાના ઉપસરપંચ મયૂરસિંહ જાડેજા તથા ગામના વડીલો, યુવાનો, નાનાં-નાનાં ભૂલકાઓ હાજર રહ્યા હતા.

# આદિપુર સંઘમાં જ્ઞાન પાંચમ દિને ધર્મ આરાધનાઓ કરાઈ





પશ્ચિમ કચ્છ વિભાગના આદિપુર નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં જ્ઞાન પાંચમના પાવન દિન નિમિત્તે સુંદર રીતે ધર્મ આરાધનાઓ કરાઈ હતી.

# ખંડવા સંઘમાં નૂતન વર્ષે દ્વારોધ્ઘાટન સાથે ગૌતમ સ્વામી રાસ અને માંગલિક યોજાયા




મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ મધે વિક્રમ સંવતના નૂતન વર્ષે દ્વારોધ્ઘાટન, લાડુ ચઢાવવાનું, ગૌતમ સ્વામી રાસ અને માંગલિક પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અતિ ઉત્સાહ ભાવ સાથે થયો.

# ગોરેગામ સંઘમાં બેસતા વરસના એકમની સવારે દ્વારોદ્‌ઘાટન થયું




મુંબઈ પશ્ચિમ વિભાગ ઉપનગરના ગોરેગામ અચલગચ્છ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ જિનાલયમાં સંવત ૨૦૭૯ કારતક સુદ ૧ના સવારે દ્વાર ઉદ્‌ઘાટન કરાયું. લાભાર્થી માતુશ્રી હરખવંતીબેન ધનજી નેણશી સાલીયા નાનીખાખર હતા.

પ્રભુજીને દિવાળીના શ્રી વીરપ્રભુ નિર્વાણ કલ્યાણક નિમિત્તે સવા પાંચ કિલોનો મોદક લાભાર્થી પરિવાર માતુશ્રી વિજયાબેન મણિલાલ ત્રિકમજી ડાઘા પરિવાર દલતુંગીવાળાએ ધરાવેલ.

## કોઠારા તીર્થે મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક મહોત્સવ નિમિત્તે ૭૨ દીવા દ્વારા અદ્‌ભૂત રંગોળી તૈયાર કરાઈ





કચ્છ પ્રદેશના અબડાસા પંથકના મોટી પંચતીર્થીના કોઠારા તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી જગતચ્યાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક મહોત્સવ નિમિત્તે ઉપાશ્રયમાં ૭૨ દીવા પ્રગટાવીને ભગવાન શ્રી મહાવીર પ્રભુજીની આરતી તથા સુંદર રંગોળી બનાવી અદ્‌ભૂત ભાવ સાથે ધર્મ આરાધના કરાઈ ભક્તિ થઈ હતી.

## ગોરેગામ સંઘમાં બેસતા વર્ષ પ્રારંભે અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમ સ્વામી પૂજન દ્વારા ધર્મ આરાધનાઓ કરાઈ




મુંબઈના પશ્ચિમી ઉપનગર વિભાગના ગોરેગામ અચલગચ્છ સંઘમાં બેસતા વર્ષના પ્રારંભે પ.પૂ. મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજશ્રી મહોત્સવરક્ષિતસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિધિકાર રાજાભાઈ નંદુ અને તેમના સાથી કલાકારોની સંગત સથવારે અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમ સ્વામી પૂજનનું આયોજન કરવામાં આવ્યું. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉપસ્થિત રહી ધર્મ આરાધનાઓનો ધન્ય લાભ લીધો હતો.

## ડોંબિવલીના શ્રી સુવિધિનાથ જિનાલયે જ્ઞાનપંચમી નિમિત્તે સુંદર ધર્મ આરાધનાઓ થઈ





ડોંબિવલી નગરના શ્રી સુવિધિનાથ જિનાલયે તા.૨૯ ઓક્ટોબર શનિવાર દિને જ્ઞાનપંચમીના પવિત્ર દિને પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી રત્નેશગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી રિખવગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અધ્યાત્મ ગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં સુંદર પ્રકારે ધર્મ આરાધનાઓ કરાઈ. આ અવસરે સારી સંખ્યામાં ભાવિકો પધારી ધર્મ ક્રિયામાં જોડાયા હતા અને અનેરો લાભ પામ્યા હતા.

# મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક નિમિત્તે સેન્ડ આર્ટિસ્ટ દ્વારા પાવાપુરી પાસે નદી કિનારે રેતશિલ્પ તૈયાર કરી વંદના કરાઈ

દીપોત્સવી દિને ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક નિમિત્તે બિહાર રાજ્યના પાવાપુરી નગરની નદી કિનારે રાજ્ય પાટનગર પટનામાં રહેતા ઉમદા અને અદ્‌ભૂત Sand artist-સેન્ડ આર્ટિસ્ટ માનવેન્દ્ર કુમાર દ્વારા રેત શિલ્પ તૈયાર કરાયું હતું. આ મહેનત શ્રમ કાર્ય દ્વારા તેમણે ધર્મ આરાધના કરી ભગવાન મહાવીરજીની વંદના કરી હતી.




## સુરત સંઘ મધ્યે જ્ઞાન પંચમી દિને વિશેષ ધર્મ આરાધનાઓ કરાઈ





હીરાનગરી તરીકે ઓળખાતા સુરત નગરે શ્રી અચલગચ્છ જૈન સંઘ મોડલ ટાઉન ખાતે પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં જ્ઞાન પાંચમની વિશેષ ધર્મ આરાધનાઓ કરવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ધર્મ લાભ પામી ધન્ય થયા હતા.

## કોઠારા નગર સંઘમાં જ્ઞાન પાંચમ પવિત્ર દિને ભવ્યતાથી આરાધનાઓ કરાઈ





તા.૨૯ ઓક્ટોબર શનિવારના રોજે જ્ઞાન પાંચમના પવિત્ર દિને પ.પૂ.સાધ્વીશ્રી જગતત્રાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં જ્ઞાન પાંચમની આરાધના ભવ્યતાથી કરાઈ હતી. ઉપસ્થિત સૌએ તેનો ધન્યતાથી લાભ લીધો હતો.





# યવતમાલ સંઘમાં જ્ઞાનપાંચમની આરાધનાનું આયોજન થયું





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલના આંગણે તા.૨૯ ઓક્ટોબર શનિવારના પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ની પાવન નિશ્રામાં જ્ઞાન પાંચમની આરાધનાઓનું ભવ્યતા ભર્યું આયોજન કરવામાં આવેલ. ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓ ધર્મલાભ પામી ધન્યતા અનુભવી હતી.





# પુના સંઘમાં દિવાળીની રાત્રે રોશનાઈ દ્વારા શણગાર શોભા કરાઈ





પુના સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વ કીર્તિશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં દીપોત્સવી પર્વ પ્રસંગે રાત્રે અદ્‌ભૂત અને અવનવા કલરની લાઈટ રોશની દ્વારા શણગાર શોભા કરાઈ હતી. જે અવનવું આકર્ષણ જમાવ્યું હતું.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**મહેન્દ્ર લોડાયા**
તા.૨૩ ઓક્ટો. (ઉ.૬૮)
કોઠારા-ભાંડુપ



**હર્ષા સાયા**
તા. ૨૬ ઓક્ટો. (ઉ.૬૨)
સુજાપુર-અમદાવાદ



**ચીમનલાલ મોતા**
તા. ૨૭ ઓક્ટો. (ઉ.૮૨)
કુવાપધ્ધર-ગોરેગામ



**રવિ દંડ**
તા.૨૭ ઓક્ટો. (ઉ.૫૫)
મંજલ-જબલપુર



**જયાબાઈ મોમાયા**
તા. ૨૭ ઓક્ટો. (ઉ.૮૧)
સાંયરા-ચાલીસગામ



**સુશીલાબાઈ લોડાયા**
તા. ૨૭ ઓક્ટો. (ઉ.૮૩)
બાંઢીયા-ભીંવડી



**કેતન છેડા**
તા. ૨૯ ઓક્ટો. (ઉ.૫૧)
સુથરી-ડોંબિવલી (પૂ)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

## જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં કલીક કરીને આ ફોર્મ ભરે

## નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ કલીક કરીને આ ફોર્મ ભરે



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ તાલુકાના પચ્છમ વિસ્તારમાં આ વર્ષે વરસાદની સચરાચર મહેર વરસી છે. આખો વિસ્તાર લીલોછમ નિખરી ઉઠ્યો છે. પચ્છમ વિસ્તારના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે. સામાન્ય રીતે સૂકી અને વરસાદ આધારિત ખેતી અહીં કરાય છે. પહેલાની જમાનામાં ખેતીના આધુનિક મશિનો પણ ન હતા ત્યારે લોકો ઊંટ, બળદ અને ગધેડાને લઈને ખેતી કરતા હતા. આજે પણ અહીં વિસ્તારના ખેડૂતો પરંપરાગત રીતે બદલાતી મોસમને ધ્યાનમાં રાખી ઊંટ તેમજ ગધેડા પર ખેતી કરી વિખેડા કાઢે છે.

● રાજ્યના સૌથી જૂના કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર ડૉ.શેફાલિકા અવસ્થીની બદલી જૂનાગઢ મ્યુઝિયમ ખાતે કરાઈ છે. તેમના સ્થાને જામનગર પુરાતત્વીય સંગ્રહાલયના ક્યુરેટર બૂલબૂલ હિંગરાજિયાને ભુજ મુકાયા છે. ભગવત પુરાણના દશમ સ્કંધના ચિત્રો પર મહાનિંબધ લખીને પીએચડી થયેલા ડૉ.શેફાલિકાબેનને અનુસ્નાતક કક્ષાએ ગોલ્ડ મેડલ મળ્યો છે. તેમણે અનેક સેમિનાર, વેબિનારમાં શોધપત્રો રજૂ કર્યા છે. પોતાના કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર તરીકેના કાર્યકાળ દરમ્યાન મ્યુઝિયમને લોક ભાગ્ય બનાવવાના અનેક પગલાઓ ભરી લોકચાહના મેળવી હતી. સંગ્રહાલયમાં નમૂનાઓને વિશિષ્ટ રીતે પ્રદર્શિત કરવા સમયાંતરે તેની ફેરબદલી કરી સંગ્રહાલયને જીવંત રાખવા તેમણે સઘન પ્રયાસો કર્યા હતા. બાળકો માટે ખાસ અલાયદો બાળ વિભાગનો સંગ્રહાલયમાં આરંભ કર્યો હતો. કોરોના સમય કાળમાં વેબિનારમાં કચ્છ મ્યુઝિમના સંગ્રહ વિશે લોકોને અવગત કર્યા હતા. આ ઉપરાંત મ્યુઝિમ સપ્તાહ, વિશ્વ વારસા દિન, સંગ્રહાલય સ્થાપના દિન, યોગ દિવસ, જળ દિન, પર્યાવરણ દિવસ જેવા દિવસોની ઉજવણી વિશિષ્ઠ રીતે શાળાના બાળકો અને શહેરના લોકોને સાથે રાખીને કરવાની પરંપરા રાખી હતી. ભુજ શહેરના સ્થાપત્યો મંદિરોથી અવગત થાય એ માટે હેરિટેજ વોકનો આયોજન શરૂ કરાવ્યું.

● ભુજના હાલે ગાંધીનગર રહેતા કચ્છ તુરી બારોટ સમાજના પ્રકાશભાઈ મગનલાલ બારોટની દિવ્યાંગ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયા (ડી.સી.સી.બી.આઈ)ના ઉપાધ્યક્ષ પદે વરણી કરવામાં આવી છે. આગ્રાની અમર હોટેલ ખાતે દિવ્યાંગ ક્રિકેટ બોર્ડ ઓફ ઈન્ડિયાની એન્યુઅલ મિટિંગ યોજાઈ હતી. જેમાં દેશના દિવ્યાંગ ક્રિકેટર ખેલાડીઓના હિતમાં પ્રકાશભાઈ બારોટએ કરેલી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ અને કાર્યોની નોંધ લઈ બોર્ડના અધ્યક્ષ હારૂન રસીદે બોર્ડના ઉપાધ્યક્ષ પદે વરણી કરી છે. તેમના પિતા સ્વ.મગનલાલ બારોટ લાલ ટેકરી સ્થિત તેમના નિવાસ સ્થાનેથી ધરતીના લાલ નામનું અખબાર પ્રસિધ્ધ કરતાં હતાં. હાલ આ દૈનિક અખબાર ગાંધીનગરથી પ્રકાશભાઈ બારોટના એડિટર પદે પ્રકાશિત થઈ રહ્યું છે.

● ભુજની સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ ખાતે ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત યુવાનો અને છાત્રમાં જાગૃતિ કેળવાય તે માટે અવેરનેસ કેમ્પેઈન અને સેલેબ્રિટીંગ યુનિટી થ્રુ સ્પોર્ટસ કાર્યક્રમ યોજાયો. રાજ્ય સરકારે સ્પોર્ટસ યુનિવર્સિટી શરૂ કરીને ખેલાડીઓને આગળ વધવા સુવિધા આપી છે. ત્યાર ભુજ ખાતે પણ ત્રણ કરોડના ખર્ચે હિલ ગાર્ડનની સામે તરફ સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવશે. જે કચ્છના ખેલાડીઓ માટે એક ઉપયોગી પ્લેટફોર્મ બનશે. એવું વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું. આ પ્રસંગે ૩૬મી નેશનલ ગેમ્સના એન્થમ અને મેસ્કોટની ફિલ્મનું નિદર્શન કરાયું હતું.

● ઓલિમ્પિક ફેડરેશન દ્વારા સૂરતમાં લાંબા સમય બાદ યોજાનારી નેશનલ ગેમ્સમાં યજમાન ગુજરાતની ટેબલ ટેનિસ ટીમમાં કચ્છના ઈશાન હિંગોરાણીને સ્થાન મળ્યું છે. ૭ વર્ષ બાદ ગુજરાતના યજમાન પદે આયોજીત મીની ઓલિમ્પિક સમી નેશનલ ગેમ્સ સુરતે ખાતે આગામી ૨૦ થી ૨૫ નવેમ્બર સુધી યોજાશે.

● ગુલાબને પ્રેમનું પ્રતિક માનવામાં આવે છે. દુનિયામાં ગુલાબની અનેક જાતો હોય છે ને અનેક રંગના હોય છે. વિશિષ્ટ રંગના ગુલાબ અમુક પ્રકારના સંબંધોનો પર્યાય ગણાય છે. જેમ લાલ ગુલાબ પ્રેમ માટે, પીળું ગુલાબ દોસ્તી માટે એ જ પ્રકારે કોઈ નફરત દર્શાવવા કાળું ગુલાબ ભેટ આપે તો? દુનિયામાં હાલે માત્ર તુર્કીમાં કાળા ગુલાબની ખેતી થાય છે. ભાતીગળ કચ્છના પણ હવે માંડવી તાલુકાના મોટી મઉ ગામના આ અંગેની માહિતી મંગાવી છે. કચ્છના અંજાર અને માંડવીમાં જુદા જુદા પ્રકારના ગુલાબોની ખેતી થાય છે. પણ દુર્લભ પ્રકારના કાળા ગુલાબ ઉગાડવાનો પ્રયાસ અલગ અનુભવ કરાવશે.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

**ARIHANT BANK**
ACBL Estd 1984
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)